# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

*****************************************************

1) બિહાર વિધાનસભા ચૂંટણી માટે NDAના ઘટક દળ વચ્ચે બેઠકોની વહેંચણીની જાહેરાત

2) દેશના મુખ્ય ન્યાયમુર્તિ જસ્ટિસ બી આર ગવઈએ સમાજ ના છેલ્લા વ્યક્તિ સુધી ન્યાય પહોંચાડવા પર ભાર મૂક્યો.

3) તાલિબાને પાકિસ્તાન પર કરેલા હુમલામાં 58 પાકિસ્તાની સૈનિકના મોત.

4) સ્વચ્છતા અને સુંદરતા સંબંધિત 33 માપદંડને પૂર્ણ કરવા બદલ મહારાષ્ટ્રના પાંચ દરિયાકિનારાને આંતરરાષ્ટ્રીય બ્લ્યુ ફ્લેગ પ્રમાણપત્ર એનાયત

5) મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વ-કપમાં ભારતે ઑસ્ટ્રેલિયાને જીતવા 331 રનનો લક્ષ્યાંક આપ્યો.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# NDA--BIHAR-ELECTIONS

આગામી બિહાર વિધાનસભા ચૂંટણી માટે રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન - NDAના ઘટકદળો વચ્ચે બેઠકોની વહેચણીની જાહેરાત કરવામાં આવી. સોશિયલ મીડિયા સંદેશમાં , ભાજપના મહાસચિવ વિનોદ તાવડેએ માહિતી આપી હતી કે ભાજપ અને જેડીયુ 101-101 બેઠક પર ચૂંટણી લડશે. જ્યારે લોકજન શક્તિ પાર્ટી (રામવિલાસ) 29 તો રાષ્ટ્રીય લોક મોરચા અને હિંદુસ્તાની આવામ મોરચા 6-6 બેઠક પર ચૂંટણી લડશે.

નવી દિલ્હીમાં ભાજપ મુખ્યમથકમાં સાથી પક્ષોના ટોચના નેતાઓની ઔપચારિક બેઠક પછી આ જાહેરાત કરવામાં આવી છે.

. . . . . . . . . . .

# PM---BIHAR

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી આગામી 15મી તારીખે બિહારમાં બૂથ સ્તરના પાર્ટી કાર્યકરો સાથે મુલાકાત કરશે . સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે પાર્ટી કાર્યકરોને "મેરા બૂથ સબસે મ જબૂત" અભિયાનમાં ભાગ લેવા અને તેમના અનુભવો રજૂ કરવા અપીલ કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે, તેઓ આ સૂચનોના આધારે પસંદગીના પાર્ટી કાર્યકરો સાથે સીધા સંવાદ કરશે.

. . . . . . . . . . .

# MAHA.-CJI-INAUGURATED-NEW-COURT-BUILDING

દેશનાં  મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ  બીઆર ગવઈએ સમાજના છેલ્લા વ્યક્તિ સુધી ન્યાય પહોંચાડવા પર ભાર મૂક્યો. મહારાષ્ટ્રના રત્નાગિરીમાં અદાલતના નવા ભવનના ઉદ્ઘાટન પ્રસંગે સંબોધન કરતાં તેમણે ભાર મૂક્યો કે ન્યાય સુલભ , કાર્યક્ષમ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર દ્વારા નિર્ધારિત સિદ્ધાંત અનુસાર હોવો જોઈએ.

શ્રી ગવઇએ  ન્યાયતંત્રના પાયાને મજબૂત બનાવવા રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી. તેમણે જણાવ્યુ અદાલતના નવા ભવનના નિર્માણથી પાયાના સ્તરે ન્યાયની પહોંચ સુનિશ્ચિત થશે.

. . . . . . . . . . . . .

# MANDAVIYA-ISKCON

યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ દેશભરમાં કેફી પદાર્થ મુક્ત પહેલ શરૂ કરવા બદલ ઇસ્કોનના પ્રયાસોની પ્રશંસા કરી. નવી દિલ્હીમાં ઇસ્કોન દ્વારા આયોજિત ઉદગાર યુવા મહોત્સવમાં હાજરી આપ્યા બાદ મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે આ પહેલ હેઠળ 15 હજાર થી વધુ યુવાનોએ કેફી પદાર્થોથી મુક્ત બનવાનો સંકલ્પ લીધો છે.

(BYTE- મનસુખ માંડવિયા)

. . . . . .

# WINI VAISHNAW GUJ

ગુજરાતમાં પ્રથમ વખત રેલવે સુરક્ષા દળ – RPFનો 40મો સ્થાપના દિવસ આવતીકાલે વલસાડ ખાતે ઉજવાશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ વિશેષ ઉપસ્થિત રહેશે. સત્તાવાર યાદી મુજબ, શ્રી વૈષ્ણવ પરેડનું નિરીક્ષણ કરી સાંસ્કૃતિક કાર્યક્રમમાં જોડાશે. તેઓ પ્રશંસનીય સેવા આપનારા 41 જવાનોને પણ પુરસ્કાર એનાયત કરશે. આ સમારોહમાં RPF દ્વારા રજૂ થનારા મલખંમ્ શૉ મુખ્ય આકર્ષણનું કેન્દ્ર રહેશે.

. . . . . .

# CM - DELHI

દિલ્હીનાં મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારે રમતક્ષેત્રને વિસ્તારવા માટે  ખેલાડીઓને ઘણી બધી સુવિધાઓ પ્રદાન કરી છે. અને સતત સહયોગ કરે છે.  તેમણે કહ્યું કે, રાજધાની દિલ્હી પણ આ દિશામાં આગળ વધશે અને સુનિશ્ચિત કરશે કે તમામ ખેલાડીઓને દરેક પ્રકારની સુવિધાઓ તથા યોગ્ય વાતાવરણ પ્રદાન ઉપલબ્ધ કરવામાં આવે. શ્રીમતી ગુપ્તાએ આજે સવારે જવાહરલાલ નેહરૂ સ્ટેડીયમમાં હાફ મેરેથોનને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવી હતી.

(બાઇટ -- રેખા ગુપ્તા)

. . . . . . . . .

# RPF –DELHI HALF MERATHONE

રેલવે સુરક્ષા દળે આજે દિલ્હીમાં યુવાઓને નશીલી દવાઓના દુરુપયોગ વિરુદ્ધ જાગૃતતા વધારવા દિલ્હી હાફ મેરોથોન માં ભાગ લીધો. આ આયોજનમાં 5 મહિલા અધિકારીઓએ સહિત વિભિન્ન નંબર ના 26 કર્મીઓએ ભાગ લીધો હતો . મેરેથોનનો વિષય ઓપરેશન નાર્કોશ , નશાની વિરુધ્ધ આર પી એફ હતો . જેના થકી રેલ્વેએ કેફી પદાર્થની હેરફેર રોકવા અને કેફી પદાર્થ મુક્ત સમાજ બનાવવા RPF દ્વારા કરાતાં સતત પ્રયાસો પર પ્રકાશ પાડ્યો છે.

. . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી  પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ  આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે  અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને  અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . .

# PAK-AFGH-CLASHES

તાલિબાને પાકિસ્તાન પર કરેલા હુમલામાં 58 પાકિસ્તાની સૈનિકોના મોત થયા છે. તાલિબાને આ હુમલાને પક્તિકા પ્રાંતની બજારમાં થયેલા પાકિસ્તાની હવાઈ હુમલાનો બદલો ગણાવી .તાલિબાનના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે જણાવ્યું કે આ હુમલામાં અનેક સરહદી ચોકીઓને નિશાન બનાવાઇ હતી જેમાં 30 પાકિસ્તાની સૈનિકો ઇજાગ્રસ્ત થયા હતા.દરમ્યાન પાકિસ્તાને અફઘાનિસ્તાન પર તહરીક-એ-તાલિબાન પર આતંકવાદીઓને આશ્રય આપવાનો આરોપ મૂક્યો છે.

બીજી તરફ અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકીએ ચેતવણી આપી કે જો પાકિસ્તાન સારા સંબંધો અને શાંતિ ઇચ્છતું નથી , તો અફઘાનિસ્તાન પાસે અન્ય વિકલ્પો છે. દિલ્હીમાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે અફઘાનિસ્તાન તેની સાર્વભૌમત્વનું રક્ષણ કરવાનું ચાલુ રાખશે. બે દિવસ પહેલા પત્રકાર પરિષદમાં મહિલા પત્રકારોને આમંત્રણ ન આપવા અંગે તેમણે કહ્યું કે તકનીકી સમસ્યાને કારણે પત્રકારોની ટૂંકી યાદી નક્કી કરવામાં આવી હતી.

. . . . . . . . . .

# MAHA.--BEACHES

મહારાષ્ટ્રના પાંચ દરિયાકિનારાને આંતરરાષ્ટ્રીય બ્લુ ફ્લેગ પ્રમાણપત્ર મળ્યું છે. રાજ્યના મહિલા અને બાળ વિકાસ મંત્રી અદિતિ તટકરેએ જણાવ્યુ કે આ યાદીમાં રાયગઢ જિલ્લાના શ્રીવર્ધન, પાલઘરમાં નાગાંવ અને પરનાકા, રત્નાગિરિ જિલ્લામાં ગુહાગર અને લાડઘર દરિયાકિનારાનો સમાવેશ થાય છે . આંતરરાષ્ટ્રીય બ્લુ ફ્લેગ પ્રમાણપત્ર ડેનમાર્કની પર્યાવરણીય શિક્ષણ ક્ષેત્રે કાર્યરત સંસ્થા દ્વારા સ્વચ્છતા, સુંદરતા અને પર્યાવરણીય ટકાઉપણું સંબંધિત 33 માપદંડોને પૂર્ણ કરતાં દરિયાકિનારાને અપાય છે.

. . . . . . . . . . . . .

# GST-REFORMS-GOA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ અને ગયા મહિનાની 22મી તારીખથી શરૂ થયેલા GST બચત ઉત્સવથી GST સુધારાઓથી ગોવાના વિવિધ ઉદ્યોગોને લાભ થયો છે.આ અંગે પ્રસ્તુત છે એક અહેવાલ...

(V/C હિના મોદી)

(આગામી પેઢીના GST સુધારા ગોવાના અર્થતંત્ર માટે , ખાસ કરીને ખેડૂતો , કારીગરો અને નાના વ્યવસાયો માટે એક સ્વાગતભર્યું પ્રોત્સાહન છે. સુધારેલા માળખા હેઠળ, કાજુ ઉત્પાદનો પર 5 ટકા જીએસટી લાગવાયો , જે છૂટક કિંમતો ઘટાડવા અને સ્પર્ધાત્મકતા સુધારવામાં મદદરૂપ સાબિત થયું છે. ગોવાના પ્રવાસન ક્ષેત્રને પણ નોંધપાત્ર લાભ થયો છે. નાસ્તાના પુરવઠા જેવી વસ્તુઓ પર જીએસટી ૧૮ થી ઘટાડી ૫ ટકા કરાયો છે

સમાચાર વિભાગથી હિના મોદી)

. . . . . . . . . . . . .

# WOMEN CRICKET WORLD CUP

મહિલા એક દિવસીય ક્રિકેટ વિશ્વ-કપમાં આજે ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે વિશાખાપટ્ટનમમાં મૅચ રમાઈ  રહી છે.  ભારતે પહેલા બેટીંગ કરીને  ઑસ્ટ્રેલિયાને જીતવા 331 રનનો લક્ષ્યાં◌ેલક આપ્યો છે. હાલ **ભ**તાં અહેવાલ મુજબ ઑસ્ર ◌ાલિયાએ 14 ઓવરમાં 1 વિકેટ ગુમાવી 97રન બનાવ્યાં છે.

અગાઉ ભારત તરફથી સૌથી વધુ  80 રન સ્મૃતિ મંધાનાએ બનાવ્યાં. જ્યારે પ્રતિકા રાવલે 75, હરલિન દેઓલે 38,  જેમીમાહ રોડ્રિગ્સે 33 અને રિચા ઘોષે 32 રનનું યોગદાન આપ્યું.

ઑસ્રેનુલિયા તરફથી સૌથી વધુ પાંચ વિકેટએનાબેલ સધરલેન્ડે લીધી. જ્યારે સોફી મોલિનેક્સે 3 વિકેટ ઝડપી છે.

. . . . . . . . . .

# INDIA -WEST INDIES SECOND TEST

ભારત-વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે નવી દિલ્હીમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચના ત્રીજા દિવસે વેસ્ટ ઈંડિઝે બીજી ઇનિંગમાં 2 વિકેટે 173 રન બનાવ્યા. સ્ટમ્પ્સ ડ્રો થયો ત્યારે શાઈ હોપ અને જોન કેમ્પબેલ ક્રીઝ પર હતા. વેસ્ટ ઈન્ડિઝ હવે ભારતીય ટિમથી 97 રનથી પાછળ છે. અગાઉ પ્રથમ ઇનિંગમાં વેસ્ટ ઈન્ડિઝે 248 રન કર્યા હતા.

કુલદીપ યાદવે 15 ટેસ્ટ મેચમાં 5 વખત પાંચ વિકેટ લઈને વિશ્વ વિક્રમ સર્જ્યો હતો જ્યારે રવિન્દ્ર જાડેજાએ 3 વિકેટ અને મોહમ્મદ સિરાજ અને જસપ્રીત બુમરાહે એક-એક વિકેટ લીધી હતી.

. . . . . . . . . .

# EU-TRAVELLING-POLICY

આજથી, ભારત સહિત બિન-યુરોપિય સંઘ દેશોના પ્રવાસીઓ માટે નવી પ્રવેશ અને બહિર્ગમન પ્રણાલી લાગુ કરાઇ છે.આ પ્રણાલી હેઠળ આઇસલેન્ડ , નોર્વે, સ્વિટ્ઝર્લેન્ડ અને લિક્ટેંસ્ટાઇન સહિત શેંગેન ઝોનના દેશોમાં પ્રવેશ કરતી વખતે આંગળીના નિશાન, ચહેરાના સ્કેન અને પાસપોર્ટ સ્કેન ફરજિયાત કરાયું છે. જો કે આયર્લેન્ડ અને સાયપ્રસને આમાંથી મુક્તિ અપાઈ છે.બીજી તરફ બ્રિટન છોડતા પહેલા ડોવર, ફોકસ્ટોન ખાતે મુસાફરોની તપાસ કરાશે.

. . . . . . . . . . . . .

# SL-HOUSING-CERTIFICATES-HANDED-OVER-TO-BENEFICIARIES

શ્રીલંકામાં રહેતા ભારતીય મૂળના તમિલ સમુદાયના 2 હજાર લાભાર્થીને આજે પાત્રતા દસ્તાવેજો સોંપા યા. રાષ્ટ્રપ્રમુખ અનુરા કુમારા દિસાનાયકેની અધ્યક્ષતામાં દસ્તાવેજ સોંપણી સમારોહ યોજાયો. શ્રી દિસાનાયક એ શ્રીલંકાને આપેલા સમર્થન બદલ ભારત સરકારનો આભાર માન્યો.

આ આવાસ ભારતીય આવાસ પરિયોજનાના ચોથા તબક્કા હેઠળ નિર્માણ પામ્યા છે , જેની જાહેરાત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ 2017માં શ્રીલંકાની મુલાકાત દરમિયાન કરી હતી.

. . . . . . . . . . . . .